# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

2) તમિલનાડુમાં, સી જોસેફ વિજયની આગેવાની હેઠળની ટીવીકેને સરકાર રચવા 120 ધારાસભ્યોનો ટેકો.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે કર્ણાટક અને તેલંગાણાની એક દિવસની મુલાકાત બાદ બે દિવસ ગુજરાતની મુલાકાતે.

4) કથિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પંજાબના કેબિનેટ મંત્રી સંજીવ અરોરાની ધરપકડ કરી.

5) આઇપીએલમાં જયપુર ખાતે રાજસ્થાન રોયલ્સ સામે ગુજરાત ટાઇટન્સ બેટિંગ કરી રહી છે.

……………………………………………………….

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. SUVENDU OFFICER OATH

ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા સમારોહમાં મુખ્યમંત્રી સાથે પાંચ કેબિનેટ મંત્રીઓએ પણ શપથ લીધા. રાજ્યપાલ આર.એન. રવિએ મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. કેબિનેટ મંત્રીઓમાં દિલીપ ઘોષ, અગ્નિમિત્ર પોલ, અશોક કીર્તાનિયા, નિસિથ પ્રમાણિક અને ખુદીરીમ ટુડુનો સમાવેશ થાય છે. શ્રી મોદીએ શ્રી અધિકારીને અને પાંચેય મંત્રીઓને અભિનંદન પાઠવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ અને ગુજરાત સહિત ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. અગાઉ, પ્રધાનમંત્રીએ બ્રિગેડ ગ્રાઉન્ડ પહોંચતા પહેલા રોડ શો કર્યો હતો. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને 207 અને ટીએમસીને 80 બેઠકો મળી છે. આ સાથે મમતા બેનરજીનાં 15 વર્ષનાં શાસનનો અંત આવ્યો છે.

# EVE TN - GOVT FORMATION

તમિલનાડુમાં, સી જોસેફ વિજયની આગેવાની હેઠળની તમિલગા વેત્રી કઝગમ-ટીવીકેએ દાવો કર્યો છે કે તેમની પાર્ટીએ રાજ્યમાં નવી સરકાર બનાવવા માટે 120 ધારાસભ્યોનો ટેકો મેળવ્યો છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં 108 બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવેલી ટીવીકેને નવી સરકાર બનાવવા માટે 234 સભ્યોની તમિલનાડુ વિધાનસભામાં 118નો બહુમતી આંકડો જરૂરી હતો.

ચેન્નાઈમાં પત્રકારો સાથે વાત કરતા, ટીવીકે નેતા અધવ અર્જુને કહ્યું કે, VCK એ પાર્ટીને ટેકો આપ્યો છે. ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ - IUML એ પણ ટેકો આપવાની ખાતરી આપી છે. બે વિધાનસભા મતવિસ્તારમાંથી જીત મેળવનાર વિજયને એક બેઠક ખાલી કરવી પડશે, જેનાથી ટીવીકેની સંખ્યા ઘટીને 107 થઈ જશે. કોંગ્રેસ અને સીપીઆઈ, સીપીઆઈ(એમ), વીસીકે અને આઈયુએમએલ સહિત બે-બે ધારાસભ્યો સાથે સમર્થક પક્ષોની બેઠકોની સંયુક્ત સંખ્યા 13 છે.

# KARNATAKA-PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એક દિવસ માટે કર્ણાટક અને તેલંગાણાની મુલાકાતે જશે. તેઓ આર્ટ ઓફ લિવિંગની 45મી વર્ષગાંઠની ઉજવણી અને તેના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરના 70મા જન્મદિવસમાં હાજરી આપશે. પ્રધાનમંત્રી પરિસરમાં એક નવા ધ્યાન મંદિર ધ્યાન હોલનું ઉદ્ઘાટન કરશે. HAL એરપોર્ટ પર પહોંચ્યા પછી, પશ્ચિમ બંગાળ અને આસામમાં પાર્ટીની ચૂંટણીમાં જીત બદલ કર્ણાટક રાજ્યના ભાજપ નેતાઓ દ્વારા પ્રધાનમંત્રીનું સન્માન કરવામાં આવશે.

# PM-TELANGANA TOUR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તેલંગાણામાં આશરે 1 હજાર 535 કરોડ રૂપિયાના મુખ્ય રેલ્વે માળખાગત પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી 118 કિમી લાંબા કાઝીપેટ-વિજયવાડા મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ અને કાઝીપેટ રેલ અંડર રેલ બાયપાસના ઉદ્ઘાટન સહિત અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ સિકંદરાબાદના પરેડ ગ્રાઉન્ડમાં એક જાહેર સભામાં કાર્યકરોને સંબોધિત કરશે.**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી કાર્યાલયનાં જણાવ્યા મુજબ શ્રી મોદી આવતીકાલે રાત્રે જામનગર ખાતે આવશે. જ્યાં લાલ બંગલો સર્કલ ખાતે તેમનું સ્વાગત કરવામાં આવશે.

અહી રાત્રિ રોકાણ કર્યા બાદ બીજા દિવસે શ્રી મોદી સવારે સોમનાથ જશે જ્યાં તેઓ, સોમનાથ મંદિરનાં પુનઃનિર્માણની 75મી વર્ષગાંઠ પ્રસંગે આયોજિત અમૃત મહોત્સવનાં ભાગ રૂપે આયોજિત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ વિશેષ મહાપુજામાં ભાગ લીધા બાદ કુંભ અભિષેક અને ધ્વજારોહણ વિધીમાં પણ ભાગ લેશે. પ્રધાનમંત્રી સોમવારે વડોદરા ખાતે સરદાર ધામ સંકુલનું લોકાર્પણ કરશે અને જાહેર સભાને સંબોધશે. તેઓ સરદાર ધામ પરિસરની મુલાકાત પણ લેશે.

# ED - MONEY LAUNDERING CASE

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શ્રાવંતી ગ્રુપના પ્રમોટર ડી.વી. રાવ સાથે બે અન્ય લોકોની ધરપકડ કરી છે, જેમાં લગભગ 284 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસનો સમાવેશ થાય છે. એજન્સીએ જણાવ્યું હતું કે, તપાસ ગુરુગ્રામના સેક્ટર-40 પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR પરથી શરૂ થઈ હતી જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે D.V. રાવ દ્વારા નિયંત્રિત DJW ઇલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડે વિવિધ સંસ્થાઓ પાસેથી છેતરપિંડીથી લોન મેળવી હતી. EDએ જણાવ્યું હતું કે શ્રાવંતી એનર્જી પ્રાઇવેટ લિમિટેડ સાથે સંકળાયેલી સમાંતર મની લોન્ડરિંગ તપાસમાં કોઈ ઓફિસ કે કર્મચારીઓ ન ધરાવતી શેલ કંપનીને કન્સલ્ટન્સી ફી તરીકે દર મહિને લગભગ 75 લાખ રૂપિયાની છેતરપિંડીભરી ચુકવણીનો પર્દાફાશ થયો હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે આ વ્યવસ્થા દ્વારા 89 કરોડ રૂપિયાથી વધુની રકમ ડાયવર્ટ કરવામાં આવી હતી. એજન્સીએ એમ પણ કહ્યું હતું કે કંપનીએ 100થી વધુ શેલ એન્ટિટી દ્વારા જારી કરાયેલા નકલી ઇન્વોઇસ દ્વારા 139 કરોડ રૂપિયાથી વધુની બોગસ ખરીદીઓ પણ બુક કરાવી હતી, જેમાં કોઈપણ માલ કે સેવાઓનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો ન હતો. EDના જણાવ્યા અનુસાર, તપાસમાં આગળ જણાવાયું છે કે ડી.વી. રાવે બેંકોને મોટી રકમ ચૂકવી હતી, જેના પરિણામે શ્રાવંતી એનર્જી પ્રાઇવેટ લિમિટેડ નોન-પર્ફોર્મિંગ એસેટ બની ગઈ હતી અને વન-ટાઇમ સેટલમેન્ટ પ્રક્રિયા દ્વારા બેંકિંગ સિસ્ટમને 1 હજાર 500  કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PMGSY SILVER JUBLEE

આવતીકાલે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-PMGSY ની રજત જયંતી અને યોજનાના ચોથા તબક્કાના રાષ્ટ્રીય ઉદ્ઘાટન નિમિત્તે મધ્યપ્રદેશના સિહોર જિલ્લાના ભૈરુંડામાં કાર્યક્રમ યોજાશે. ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ નાણાકીય વર્ષ 2026-27 માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે 18 હજાર 907 કરોડ રૂપિયાની પ્રતીકાત્મક ફાળવણીની જાહેરાત કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આમાંથી 830 કરોડ રૂપિયા મધ્યપ્રદેશના વિકાસ માટે ફાળવવામાં આવ્યા છે. શ્રી ચૌહાણ મધ્યપ્રદેશમાં કુલ બે હજાર એકસો કિલોમીટરથી વધુ લંબાઈના 973 રસ્તાઓ માટે PMGSY-IV હેઠળ મંજૂરી પત્રો અને નાણાકીય ફાળવણી રાજ્યના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવને સોંપશે.

# AGNI MISSILE

ઓડિશાના ડૉ. એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી મલ્ટીપલ ઇન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેડ રી-એન્ટ્રી વ્હીકલ-MIRV સિસ્ટમ સાથે એડવાન્સ્ડ અગ્નિ મિસાઇલનું સફળ ફ્લાઇટ ટ્રાયલ ગઈકાલે કરવામાં આવ્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મિસાઇલનું ફ્લાઇટ ટ્રાયલ બહુવિધ પેલોડ્સ સાથે કરવામાં આવ્યું હતું, જે હિંદ મહાસાગર ક્ષેત્રમાં વિશાળ ભૌગોલિક વિસ્તારમાં વિતરિત વિવિધ લક્ષ્યોને લક્ષ્ય બનાવે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે MIRV ક્ષમતા સાથે અગ્નિ મિસાઇલના સફળ ફ્લાઇટ પરીક્ષણ બદલ DRDO, ભારતીય સેના અને ઉદ્યોગને અભિનંદન આપ્યા છે.

# NATIONAL PANCHAYAT AWARDS

સરકારે રાષ્ટ્રીય પંચાયત પુરસ્કારો 2025ના વિજેતાઓની જાહેરાત કરી છે, જેમાં દેશભરમાંથી 42 પંચાયતોની પસંદ કરવામાં આવી છે. એવોર્ડ વિતરણ સમારોહ આગામી મહિનાની 3 તારીખે નવી દિલ્હીમાં યોજાશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, કર્ણાટકને સૌથી વધુ પુરસ્કારો મળ્યા છે જેમાં છ પંચાયતો પસંદ કરવામાં આવી છે, ત્યારબાદ આંધ્રપ્રદેશ અને ઓડિશા પાંચ-પાંચ પુરસ્કારો સાથે બીજા ક્રમે છે. આ પુરસ્કારો બે શ્રેણીઓ હેઠળ આપવામાં આવી રહ્યા છે.

દીન દયાળ ઉપાધ્યાય પંચાયત સતત વિકાસ પુરસ્કાર શ્રેણી હેઠળ 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કુલ 34 ગ્રામ પંચાયતોની પસંદગી કરવામાં આવી છે અને નાનાજી દેશમુખ સર્વોત્તમ પંચાયત સતત વિકાસ પુરસ્કાર શ્રેણી હેઠળ આઠ પંચાયતોની પસંદગી કરવામાં આવી છે, વધુમાં, મંત્રાલયે માહિતી આપી હતી કે વિજેતા પંચાયતોને શ્રેણી અને સ્તરના આધારે 50 લાખ રૂપિયાથી પાંચ કરોડ રૂપિયા સુધીના નાણાકીય પ્રોત્સાહનો પ્રાપ્ત થશે. આ પુરસ્કારો રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનની પંચાયતોના પ્રોત્સાહન યોજના હેઠળ આપવામાં આવી રહ્યા છે.

# ARCHERY BRONZE

સાહિલ જાધવે આજે ચીનના શાંઘાઈમાં આયોજિત તિરંદાજી વિશ્વકપ 2026નાં બીજા તબક્કામાં પુરુષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મહારાષ્ટ્રના 25 વર્ષીય આર્ચરે પ્લેઓફમાં ડેનમાર્કના અનુભવી ખેલાડી અને કોચ માર્ટિન ડેમ્સબોને 147-144 થી હરાવીને ચાલુ સ્પર્ધામાં ભારતનો પ્રથમ ચંદ્રક નિશ્ચિત કર્યો છે. ભારતે ગયા વર્ષે શાંઘાઈમાં પાંચ કમ્પાઉન્ડ ચંદ્રક જીત્યા હતા.

ભારત હવે રવિવારે અંતિમ દિવસે રિકર્વ વિભાગમાં વધુ બે ચંદ્રક જીતવાની આશા રાખશે. ભારતની મહિલા ટીમ સુવર્ણ ચંદ્રક માટે સ્પર્ધા કરશે, જ્યારે સિમરનજીત કૌર સેમીફાઈનલથી તેમના અભિયાનની શરૂઆત કરશે, જ્યાં તેમને પોતાનો પ્રથમ વિશ્વકપ ચંદ્રક મેળવવા માટે માત્ર એક જીતની જરૂર છે.

# WFI NOTICE - VINESH PHOGAT

ભારતીય કુસ્તી મહાસંઘ -WFI એ આજે વિનેશ ફોગાટને કારણદર્શક નોટિસ પાઠવી છે, જેમાં તેમના પર શિસ્તભંગ અને એન્ટી-ડોપિંગ નિયમોના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો છે. 15 પાનાની આ નોટિસમાં WFIએ જણાવ્યું હતું કે, યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) ના એન્ટી-ડોપિંગ નિયમો હેઠળ નિવૃત્તિમાંથી પરત ફરતા રમતવીરો માટે જરૂરી ફરજિયાત છ મહિનાનો નોટિસ પિરિયડ પૂર્ણ ન કરવા બદલ, વિનેશ આ વર્ષના 26 જૂન સુધી સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે અયોગ્ય છે.

આ પગલાંને પરિણામે, સુશ્રી વિનેશ આવતીકાલથી ગોંડામાં શરૂ થનારી નેશનલ ઓપન રેન્કિંગ ટૂર્નામેન્ટ ગુમાવશે, જે તેમનાં પુનરાગમન માટે મહત્વની માનવામાં આવતી હતી. આ નોટિસનો જવાબ આપવા માટે તેમને 14 દિવસનો સમય આપવામાં આવ્યો છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ મુજબ ગુજરાત ટાઈટન્સની ટીમે 4 ઓવરમાં વિના વિકેટે 56 રન કર્યા છે. રાજસ્થાન રોયલ્સ પોઇન્ટ ટેબલમાં ચોથા જ્યારે ગુજરાત ટાઈટન્સ પાંચમા ક્રમે છે.

# WEATHER

હવામાન વિભાગે ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનના છૂટાછવાયા સ્થળોએ હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન કેરળ, લક્ષદ્વીપ, દક્ષિણ કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે.

દરિયામાં પ્રતિકૂળ હવામાનને કારણે માછીમારોને આજે દરિયાકિનારાની આસપાસના વિસ્તારોમાં દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે.

# WHO HANTAVIRUS SPAIN

વિશ્વ આરોગ્ય સંગઠનના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયેસસ આજે સ્પેન પહોંચ્યા હતા જ્યાં તેઓ હંટાવાયરસ ફાટી નીકળેલા ક્રુઝ જહાજમાંથી 140 થી વધુ મુસાફરો અને ચાલકદળના સભ્યોને બહાર કાઢવાની કામગીરીનું નિરીક્ષણ કરશે. તેઓ સ્પેનિશ સરકારી અધિકારીઓ સાથે સ્પેનિશ ટાપુ ટેનેરાઇફ જશે અને મુસાફરો, ચાલક દળના સભ્યો અને આરોગ્ય નિષ્ણાતોને સુરક્ષિત રીતે નીચે ઉતારવાની દેખરેખ રાખશે. ક્રુઝ જહાજ, MV હોન્ડિયસ, આવતીકાલે ટેનેરાઇફ પહોંચશે તેવી અપેક્ષા છે.

શ્રી ટેડ્રોસે જણાવ્યું હતું કે હાલમાં જહાજ પર કોઈમાં પણ વાયરસના લક્ષણો દેખાતા નથી. જોકે અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે અગાઉ જહાજ છોડી ગયેલા પાંચ મુસાફરોમાં હંટાવાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. અમેરિકા અને બ્રિટને  ક્રુઝ જહાજમાંથી તેમના નાગરિકોને બહાર કાઢવા માટે વિમાન મોકલવા સંમત થયા છે.

# TAGORE JAYANTI

આજે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની 165મી જન્મજયંતિ છે. આ પ્રસંગે પશ્ચિમ બંગાળની શાળાઓ અને સાંસ્કૃતિક સંગઠનોએ વહેલી સવારે પ્રભાતફેરી શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહે પોચીશે વૈશાખના અવસરે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ગુરુદેવ ટાગોરનું યોગદાન સાહિત્યના ક્ષેત્રથી પણ આગળ વધ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ગુરુદેવ ટાગોર એક લેખક, વિચારક અને અસાધારણ પ્રતિભાના કવિ હતા. શ્રી મોદીએ એમ પણ કહ્યું કે તેમના વિચારો હંમેશા લોકોને માર્ગદર્શન આપશે.